## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પાર્ટી લીડરે અમને બેઉને ટીકીટ ન આપી અને અમને ડેમેજ કંટ્રોલનું કામ સોપ્યું...!!



વિધાન સભાની ચુંટણી ગાંધીનગર (ઉત્તર)ને અનુલક્ષીને રવિવારે જે લોકોને ચુંટણીમાં પ્રિસાઈડિંગ અને પોલિંગ બુધ ની કામગીરી સોંપવામાં આવી છે તેમને સેકટર ૨૮ એન્જિનિયરિંગ કોલેજ ખાતે ટ્રેનિંગ આપવામાં આવી હતી.

# ખ-૩ વાવોલ કટ પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માતમાં થતા એકને ઈજા

ગાંધીનગર, તા.૧૩

શહેરના ખ-૩ વાવોલ કટ પાસે કાર-એકટીવાનો અકસ્માત થયો હતો. જેમાં કાર ચાલકે એકટીવાને ટક્કર મારતા દંપતિ નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાતા એકટીવા ચાલકને ડાબા હાથે કાંડના ભાગે ફ્રેકચર થયુ હતું. જયારે મહિલાને માથાના ભાગે તેમજ શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા આઈઓસી રોડ પર સંતોશનગર એપાર્ટમેન્ટ આઈ-૮ ખાતે વિજયકુમાર દેવજીભાઈ સોલંકી પરિવાર સાથે રહે છે અને નવરંગપુરા ખાતે એચ.કે.આચાર્ય કંપનીમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જયારે નોકરી પર આવવા જવા માટે એકટીવા જી.જે.૦૧.એન.વાય-૧૦૭૬ નો ઉપયોગ કરે છે. ગત તા. ૨૬-૧૦-૨૨ ના રોજ બપોરના સમયે વિજયભાઈ અને તેમના પત્નિ એકટીવા પર ગાંધીનગર સેકટર-૧૪ ખાતે આવી રહ્યા હતા. ત્યારે ખ-૦ થી ખ-૫ તરફ જઈ રહ્યા હતા. તે સમયે ખ-૩ પાસે વાવોલ તરફ જવાના માર્ગ પર અચાનક કાર નં. જી.જે.૩૧.એન.-૨૭૩૦ ના ચાલકે વળાંક લેતા એકટીવા-કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા પરથી દંપતિ નીચે પડી ગયું હતું. જેથી ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.જયાં ડોકટર દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. વિજયભાઈને ડાબા હાથે કાંડાના ભાગે ફેકચર થયુ હતું.જયારે ફરીયાદીના પત્નીને માથાના ભાગે તેમજ શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે સેકટર-૭ પોલીસ મથકે વિજયભાઈએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# હાઈવે પર નીલગાય બાઈક સાથે અથડાતા બે પોલીસકર્મીનાં મોત

**સુરેન્દ્રનગરના લખતર-જમર ગામ પાસે અકસ્માત : હાઈવે પર અચાનક નીલગાય વચ્ચે આવી ગઈ હતી અને બાઈક સાથે અથડાઈ હતી જે બાદ બાઈક પલટી ગયું હતું**

સુરેન્દ્રનગર, તા.૧૩

સુરેન્દ્રનગરના લખતર પાસે અકસ્માતની એક ઘટના સામે આવી છે. હાઈવે પર બાઈક પર સવાર બે પોલીસકર્મીઓ જઈ રહ્યા હતા. આ સમયે અચાનક નીલગાય વચ્ચે આવી ગઈ હતી અને બાઈક સાથે જોરદાર અથડાઈ હતી. જે બાદ બાઈક પલટી ખાઈ ગયુ હતુ અને દૂર ફેંકાયુ હતું. આ દુર્ઘટનામાં એક પોલીસકર્મીનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજયુ હતુ. જ્યારે અન્ય પોલીસકર્મીનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. આ સિવાય નડિયાદમાંથી પણ અકસ્માતની એક ઘટના સામે આવી છે. હિટ એન્ડ રનની ઘટનામાં બે મહિલાઓના કરુણ મોત નીપજ્યા હતા અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, સુરેન્દ્રનગરના લખતર-જમર ગામ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે પોલીસકર્મીઓ બાઈક પર બેસીને જઈ રહ્યા હતા. એ સમયે હાઈવે પર અચાનક નીલગાય વચ્ચે આવી ગઈ હતી અને બાઈક સાથે ભયંકર અથડાઈ હતી. જેના કારણે બાઈક પલટી ખાઈ ગયુ હતુ અને દૂર સુધી ફેંકાયુ હતુ. બંને પોલીસકર્મીઓ બાઈક પરથી નીચે પટકાતા તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી. આ અકસ્માતમાં એક પોલીસકર્મીનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યુ હતુ. બનાવની જાણ થતા આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાદમાં બનાવની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ વિભાગને કરવામાં આવી હતી. તો ઈજાગ્રસ્ત પોલીસકર્મીને તરત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન આ પોલીસકર્મીનું પણ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બાઈક પર જઈ રહેલાં બંને પોલીસકર્મીઓનાં કરુણ મોત નીપજ્યા હતા. પોલીસકર્મીઓનાં મોત બાદ તેમના પરિવારમાં પણ ભારે શોક જોવા મળ્યો હતો. બનાવની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો હોસ્પિટલે દોડી આવ્યો હતો. ત્યારે અકસ્માતના આ કેસમાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરના ૧૩ પોલીસ મથકમાં બે દિવસમાં દારૂના ૧૮૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હોય છે. રાજયમાં દારૂબંધી હોવા છતા સરળતાથી દારૂ મળી રહે છે. ત્યારે શહેરમાં પણ ક્યાંક છાના ખુણે દેશી-વિદેશી દારૂના વેપારીઓ કાર્યરત હશે. ત્યારે પોલીસ દ્વારા દારૂની બદીને ડામવા માટે નહી પરંતુ માત્ર કાગળ પર બતાવવા માટે કાર્યવાહી કરવામાં આવતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે જિલ્લાના ૧૩ પોલીસ મથકમાં દેશી દારૂનું વેચાણ કરતા ૧૮૫ વ્યકિત પર કેસ કરવામાં આવ્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત વિધાનસભાની ચુંટણીની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે જિલ્લામાં હાલ પ્રોહીબિશનની ડ્રાઈવ ચાલી રહી છે.પોલીસ માટે પણ કામગીરી બતાવવી જરુરી થઈ ગઈ છે. જેથી જિલ્લાના ૧૩ પોલીસ મથકમાં માત્ર બે દિવસમાં જ ૧૮૫ કેસ પ્રોહીબિશનના કરવામાં આવ્યા છે. જેથી દેશી દારૂના બુટલેગરો પર પોલીસ ત્રાટકતા દારૂનો વેપાર કરતા વ્યકિતઓમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લાના સેકટર-૨૧, ૭, ઈન્ફોસીટી, અડાલજ, પેથાપુર,ચિલોડા, ડભોડા, સાંતેજ, રખીયાલ, દહેગામ, માણસા અને કલોલ સહિતના વિસ્તારમાં પોલીસે દારુ વેચતા શખ્સો સામે કેસ નોંધીને કામગીરી બતાવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે પ્રોહીબિશનની ડ્રાઈવ દરમિયાન પોલીસ ત્રાટકતા કેટલાક દારૂનો વેપાર કરતા વેપારીઓ ભુગર્ભમાં ઉતરી ગયા છે. ત્યારે આગામી સમયમાં પણ પોલીસ બુટલેગરો પર ગમે તે સમયે ત્રાટકશે.

# પેથાપુર જૈન દેરાસર પાસેથી વરલી મટકા જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર જૈન દેરાસર પાસે બે વ્યકિતને વરલી મટકાનું જુગાર રમાડતા પોલીસે પકડી પાડ્યા છે.આ બંન્ને પાસેથી પોલીસે વરલી મટકાનું સાહિત્ય અને રોકડ રૂ.૬૧૮૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે જૈન દેરાસર પાસે આવતા તેઓને એક શખ્સ કાગળની ચિઠ્ઠીમાં કંઈક લખતો જણાયો હતો. જેથી પોલીસે તે શખ્સને કોર્ડન કરી પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા નાગેન્દ્ર બાદરજી ઠાકોર (પેથાપુર) હોવાનું જણાવ્યું હતું.જયારે તેની પાસેથી પોલીસને પાંચ વરલી મટકાની આંકડા લખેલી ચિઠ્ઠી મળી આવી હતી.

જયારે તેની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૬૧૮૦ મળી આવ્યા હતા.જયારે વરલીનું ભરણ કોને આપે છે તેમ પુછતા તેણે પેથાપુરના કાળીદાસ સેવંતીલાલ ભાવસારને આપતો હોવાનું જણાવ્યું હતું.

પોલીસે મુદ્દામાલ કબ્જે લઈ બે શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં આજે ગરમીનો પારો ૩૫ ડિગ્રી નોંધાયો હતો.

● સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ અમદાવાદ-ગાંધીનગર મંડળ દ્વારા બ્રહ્માણી હોલ સે. ૨૩ (કડી કેમ્પસ) ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણસો જેટલા સભ્યો આ સ્નેહમિલન સમારોહમાં જોડાયા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ૧૧ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ખુલ્લા પ્લોટોમાં સફાઈ ન થતી હોવાથી ગંદકી થઈ રહી છે.

● ગાંધીનગરમાં ચૂંટણીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી હોવાથી અધિકારી અને કર્મચારીઓની હાજરી કચેરીમાં ઓછી જોવા મળશે.

● આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ગાંધીનગરના ૮ ખેલાડીઓને ગોલ્ડ મેડલ મળ્યા છે.

● માણસાના માણેકપુર ગામે એક પક્ષી પ્રેમીએ શાહુડીને બચાવી વન વિભાગને સુપ્રત કરી હતી.

● માણસા ખાતે ભારતીય કિસાન સંઘની મહત્વની બેઠક મળી હતી.

● વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં બાલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

● રૂપાલ વરદાયિની હાઈસ્કૂલમં બાલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

● જિલ્લામાં આજથી મતદાર જાગૃત્તિ અભિયાનને તંત્ર દ્વારા સઘન બનાવવામાં આવશે.

● ગાંધીનગર રોટરીક્લબ દ્વારા વિશ્વ મધુપ્રમેહ દિવસની ઉજવણીનું આજે આયોજન કરવામાં આવ્યુ છે.



ખાણી-પીણીની દુકાનો પર કોમર્શિયલ સિલિન્ડરો વાપરવાની પરવાનગી છે તેમ છતાં ખુલ્લેઆમ કોઈ રોકટોક વગર રાંધણગેસનો બાટલો વાપરવામાં આવે છે. ચા ની લારી હોય કે ખાણી-પીણીની કોઈ દુકાન મોટાભાગે અહીં રાંધણગેસ જ વપરાતો હોવાનુ જાણવા મળ્યુ છે.

# સેકટર-૧૩ માંથી ઘર પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ બી માં ઘર પાસે ખુલ્લા મેદાનમાંથી યામાહા એફ.ઝેડ બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં૯૧૮-૨ ખો રહેતા માર્મિક જીતેન્દ્રભાઈ મેવાડા પરિવાર સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે.જયારે માર્મિકના કૌટુંબીક બહેનના નામે યામાહા એફ ઝેડ કંપનીનું બાઈક હતુ.

જે બાઈક માર્મિક ફેરવતો હતો. જયારે ગતતા.૧૦ ના નવેમ્બરના રોજ રાત્રીના ૮ વાગે ઘરની બહાર ખુલ્લા મેદાનમાં બાઈક નં. જી.જે.૦૨.બી.સી.-૦૯૧૬ પાર્ક કરી લોક મારી મુક્યું હતું.

જયારે બીજા દિવસે સવારે ચાર વાગે ફરીયાદીના પિતાએ જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.

જેથી માર્મિક અને તેના પિતાજીએ બાઈક અંગે સેકટરમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી યુવકે રૂ.૫૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ફિઝિયોથેરાપી કોલેજ ખાતે નિઃશુલ્ક ત્રિદિવસીય કાયરોપ્રેકટીક કેમ્પનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની ગાંધીનગર સેક્ટર-૧૨ સિવિલ કેમ્પસમાં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝ્યોથેરાપી, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન તથા અમેરિકાના વેસ્ટ સાનફ્રાન્સિસ્કોની લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટ યુ.એસ.એ.ના પ્રેસિડેન્ટ ડૉ. રોન ઓબરસ્ટાઈન તથા ૧૬ જેટલા કાયરોપ્રેક્ટર્સ ડોક્ટરની ટીમ દ્વારા તા. ૧૩થી ૧૫ નવેમ્બર-૨૦૨૨ સુધી સારવાર આપવામાં આવશે.

આ કેમ્પનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા લાઈફ કાયરોપ્રેકટીક કોલેજના પ્રેસિડેન્ટ ડૉ. રોન ઓબરસ્ટાઈન, સંસ્થાના મંત્રીઓ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશનના ડાયરેકટર ડૉ. જીનલ જોષી, ડૉ. તથા ગાર્ગીબેન રાજપરાના હસ્તે આજરોજ સવારે કરવામાં આવ્યુ હતુ.

આ કેમ્પમાં અમેરિકાથી આવેલા નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા ગરદનનો દુઃખાવો, પીઠનો દુઃખાવો, કમરનો દુઃખાવો, હાથ કે પગમાં ઝણઝણાટી આવવી વગેરે જેવી તકલીફમાં સારવાર આપવામાં આવી રહી છે.

આ સારવાર લેવા માટે લગભગ ૨ હજારથી પણ વધારે રજીસ્ટ્રેશન થયેલા છે. આ સારવાર આપવા માટે અમેરિકાથી ૧૬ જેટલા નિષ્ણાંત ડોક્ટર્સ ઉપસ્થિત રહીને ગાંધીનગર તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા દર્દીઓને સારવાર આપશે.

## ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨

# ‘હું વોટ કરીશ’ના ૪ લાખથી વધુ સંકલ્પ પત્રોનું વિતરણ કરાયું

**૧૫મી નવેમ્બર સુધી અભિયાન કાર્યરત રહેશે : ’હું વોટ કરીશ’ સંકલ્પ પત્ર થકી દેશનો ભાવિ મતદાર જાગૃત બની રહ્યો છેઃ પોતાના સ્વજનોને મતદાન કરવાની નૈતિક ફરજ ન ચૂકવાના સંકલ્પ લેવડાવી રહ્યો છ**



ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગમાં મતદાન અંગેની જાગૃત્તિ ફેલાય અને વધુમાં વધુ મતદાતાઓ મતદાન કરે તેવા ઉમદા આશયથી ‘અવસર લોકશાહીનો’ અભિયાન અંતર્ગત ‘હું વોટ કરીશ’ તેવા સંકલ્પપત્રો ભરાવવામાં આવી રહ્યાં છે. જે અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તેમના વાલીઓને અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ સંકલ્પપત્રનું વિતરણ કરવામાં આવ્યું છે. વાલીઓ આ સંકલ્પ પત્રો દ્વારા અવશ્ય મતદાન કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે. આગામી તા. ૧૫ તારીખ સુધા આ અભિયાન કાર્યરત રહેશે. વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા આપણા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયા એ પણ એક અવસરની સમાન જ છે. ત્યારે ચૂંટણી પંચ દ્વારા લોકશાહીના આધારસ્તંભ એવા મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને લોકશાહીના અવસર સમી ચૂંટણીમાં સૌ કોઈ જોડાય તે માટે ‘હું વોટ કરીશ’ એવા સૂત્ર સાથે સંકલ્પપત્ર મતદાર પાસે ભરાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ‘હું વોટ કરીશ’ના સંકલ્પપત્રો થકી મતદાન જાગૃત્તિ લાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ સ્વીપની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બાળકોને ‘હું વોટ કરીશ’ સંકલ્પપત્રો આપવામાં આવી રહ્યા છે. આવતીકાલનો ભાવિ મતદાર પણ આ સંકલ્પપત્ર થકી જાગૃત્ત બની રહ્યો છે તેમજ તેમના વાલીઓને તેમની મતદાન કરવાની નૈતિક ફરજ ન ચૂકાય તેનાથી જાગૃત્ત કરવામાં યોગદાન આપી રહ્યો છે. બાળકો દ્વારા અપાયેલ ‘હું વોટ કરીશ’ના સંકલ્પપત્રોનું વાંચન કરીને મતદાન કરવાનો દૃઢ સંકલ્પ વાલીઓ લઈ રહ્યા છે. આગામી તા. ૦૫મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ યોજાનાર મતદાનમાં ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગમાં ગામેગામ રહેતા મતદાતાઓ ઉત્સાહભેર જોડાય રહ્યા છે.

# પહેલા પિતા અને હવે પુત્રો સામસામે મેદાને ઉતર્યા

**કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના પૂર્વ ધારાસભ્યના પુત્રોને ભાજપ-કોંગ્રેસે ઉતારતા ડીસાની ચૂંટણી રસપ્રદ**

બનાસકાંઠા ,તા.૧૩

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપે પ્રવીણ માળી અને કોંગ્રેસે સંજય રબારી (દેસાઈ)ને ટિકિટ આપી ઉમેદવાર બનાવ્યા છે. જોકે આ બેઠક પર વારસાઈ જંગ ચાલી આવ્યો છે. આ બંને ઉમેદવારોના પિતાઓ પણ એકબીજા સામે ચૂંટણી લડી ચૂક્યા છે. આ બંને ઉમેદવારોના પિતાઓ ભાજપ અને કોંગ્રેસમાં અગાઉ ૨ વખત સામ સામે ચૂંટણી લડી એક-એક વાર ધારાસભ્ય બની ચૂક્યા છે. જોકે આ વખતે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી અને ભાજપના પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ ગોરધનજી માળીના પુત્રોને ભાજપ અને કોંગ્રેસે સામસામે ઉતારતા ડીસાની ચૂંટણી રસપ્રદ ચૂંટણી બની છે.આગામી વિધાનસભાની ચૂંટણીને લઈ બનાસકાંઠા જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છૅ.

**ડીસામાં ૨૪ વર્ષથી વારસાઈ જંગ**

ભાજપે તમામ બેઠકો પરથી ઉમેદવારો જાહેર કરી દીધા છે. જોકે કોંગ્રેસ દ્વારા હજુ સુધી એક જ ડીસા બેઠક પરથી જ પોતાનો ઉમેદવાર જાહેર કર્યો છે. ભાજપે ડીસામાં ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય ગોરધનજી માળીના પુત્ર પ્રવીણ માળીને ટિકિટ આપી છે, તો સામે કોંગ્રેસે પણ પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીના પુત્ર સંજય રબારીને ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. મહત્ત્વની વાત એ છે કે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી અને પૂર્વ ધારાસભ્ય ગોરધનજી માળી અગાઉ ૧૯૯૮ અને તે બાદ વર્ષ ૨૦૦૨ માં સામસામે ચૂંટણી લડ્યા હતા, જેમાં વર્ષ ૧૯૯૮ માં ગોરધનજી માળીનો ગોવાભાઈ રબારી સામે ભાજપમાંથી વિજય થયો હતો. જો કે તે બાદ વર્ષ ૨૦૦૨ ની ચૂંટણીમાં ભાજપમાંથી ગોરધનજી માળી સામે કોંગ્રેસના ગોવાભાઈ રબારીનો વિજય થયો હતો. જોકે આ વખતેના ડીસાના બંને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારના પિતાઓ અગાઉ ભાજપ અને કોંગ્રેસમાંથી સામ સામે ચૂંટણી લડી એક-એક વાર ધારાસભ્ય રહી ચુક્યા છે, તો આ વખતે ૨૦૨૨ ની ચૂંટણીમાં બંને પૂર્વ ધારાસભ્યોના પુત્રો પ્રવીણ માળી અને સંજય રબારી સામસામે આવતા ડીસાની ચૂંટણી રસપ્રદ ચૂંટણી બની છે. જોકે કોંગ્રેસના ઉમેદવાર સંજય રબારી પોતાના પિતા અને પોતાના કામોને જોતા ડીસાની પ્રજા તેમને વિજયી બનાવશે તેવો દાવો કરી રહ્યા છે, તો પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી પણ પોતાના પુત્રની જીતનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર સંજય રબારીએ કહ્યું કે, મારા પિતા ધારાસભ્ય હતા એટલે તેમણે આ વિસ્તાર માટે અનેક કામો કર્યા હતા મારી જીત ચોક્કસ થશે. તો પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી કહે છે કે, મને આ વિસ્તારના લોકોનો ખૂબ જ સાથ મળ્યો છે અને હવે મારા પુત્રને પણ મળશે. તો બીજી તરફ ભાજપના ઉમેદવાર અને ડીસા નગર પાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવીણ માળી કોંગ્રેસને દિશાહિન પાર્ટી હોવાનું કહી ડીસાની પ્રજા તેમને જીતાડશે તેવો દાવો કરી રહ્યા છે